# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા "કૃષિમાં નવીનતમ તાંત્રિકતાઓ" પર એક દિવસીય ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા રાષ્ટ્રીય ગ્રામીણ સંસ્થા પરિષદ, હૈદરાબાદના સહયોગથી તા.૦૧/૦૯/૨૦૧૬ ના રોજ "કૃષિમાં નવીનતમ તાંત્રિકતાઓ" વિષય પર એક દિવસીય ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં ૫૦ ખેડૂતો હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ.જી.જી.પટેલે શાબ્દિક સ્વાગત બાદ "જિવન નિર્વાહ માટે કૃષિ દ્વારા આધુનિક તાંત્રિકતાઓ" નો ઉપયોગ કરવા અંગે માહિતી આપી. ભારત સરકાર સૂચના અને પ્રસારણ મંત્રાલય અમદાવાદથી પધારેલ સ્ટેટ નોડલ પર્સન, શ્રીમતી નમિતા શાહે વિકાસ પીડિયા અંગે માહિતી આપી તથા ઇન્ટરનેટનો સૌથી વધારે ઉપયોગ કૃષિ ક્ષેત્રે કરવા સૂચન કર્યું ત્યારબાદ ડૉ. જી.જે. પટેલ, યુનિટ હેડ, આદિવાસી મહિલા તાલિમ કેન્દ્ર, દેવગઢબારીઆ એ આર્થિક પરિસ્થિતિ સુધારવા એડવાન્સ ટેકનોલોજીનો ઉપયોગ કરવાની માહિતી આપી. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આકૃયુ, આણંદ ડૉ અરૂણ પટેલે આધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિથી ખેતી કરવા અંગે ભાર મૂક્યો તેમજ ખેતીમાં ખાતર પિયત તથા જંતુનાશક દવાઓનો સપ્રમાણ ઉપયોગ કરી ખેતી ખર્ચ ઘટાડવા સૂચવ્યુ બપોરબાદના તાંત્રિક બેઠક દરમિયાન કેન્દ્રના વૈજ્ઞાનિક (પશુપલન) ડૉ. એસ.બી. કાટોલે દ્વારા પશુપાલન માં આધુનિક તાંત્રિકતાઓ વિષે માહિતી આપી તેમજ આધુનિક તાંત્રિકતાઓનો ઉપયોગ કરવાનું સુચવ્યુ ત્યારબાદ વૈજ્ઞાનિક (પાક ઉત્પાદન) ડૉ. વાય.સી. લકુમે સજીવખેતીમાં આધુનિક તાંત્રિકતાઓ વિષે માહિતી આપી કેન્દ્રના વૈજ્ઞાનિક (બાગાયત) શ્રીમતી અમીતાબેન પરમારે બાગાયતી ખેતીમાં નવિનતમ તાંત્રિકતાઓ જેવી કે રક્ષીત ખેતી, સૂક્ષ્મ પિયત પધ્ધતિઓ તથા મલ્ચીંગનો બાગાયતી પાકોમાં ઉપયોગ કરવા ખેડૂતોને માહિતગાર કર્યા. શ્રી વી.એ. પટેલ, વૈજ્ઞાનિક (જમીન વિજ્ઞાન) દ્વારા સંકલીત પોષણ વ્યવસ્થામાં આધુનિકતા વિષે માહિતી આપી કાર્યક્રમના અંતે શ્રી જે.એચ. ભટ્ટ, વૈજ્ઞાનિક (ફિશરીઝ) એ સૌનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી

# કાર્યક્રમની ઝાંખિયો






